Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :14• Date : 24-08-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### આગામી ચૂંટણીમાં આ એક રાજકીય મુદ્દો પણ બને તેવી શક્યતા છે

## કેનેડામાં જોબ પછી હવે મકાન મળવા પણ મુશ્કેલ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા વિચારણા

### ૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા, ૨૦૧૨માં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી




નવી દિલ્હી

ક્વોલિટી એજ્યુકેશન માટે ભારતથી કેનેડા જઈ રહેલા યુવાનોની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. કેનેડા અત્યારે ભારતીય સ્ટુડન્ટ્સ માટે એક ફેવરિટ દેશ બની ગયો છે. પરંતુ તેના કારણે સ્થિતિ એવી સર્જાઈ છે કે કેનેડામાં પણ તકલીફો વધી રહી છે. ભારતથી કેનેડા ગયેલા યુવાનોને જોબ મળવી તો મુશ્કેલ છે જ, સાથે સાથે હવે હાઉસિંગની પણ અછત પેદા થઈ છે. એક રીતે જોવામાં આવે તો કેનેડામાં અત્યારે હાઉસિંગ ક્રાઈસિસ ચાલે છે અને તેના માટે વિદેશી સ્ટુડન્ટ્સની વધતી સંખ્યાને જવાબદાર ગણવામાં આવે છે. તેના કારણે કેનેડાએ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા વિચારણા શરૂ કરી છે જેથી બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડી શકાય. કેનેડામાં સ્ટુડન્ટ્સના કારણે મકાનોની એટલી બધી ડિમાન્ડ છે કે ભાડાના દર એકદમ વધી ગયા છે. હવે હાઉસિંગ મિનિસ્ટર સિન ફ્રેઝરે જણાવ્યું કે તેઓ સ્ટુડન્ટ વિઝા પર અંકુશ રાખવા વિચારે છે જેથી હાઉસિંગ કટોકટી ટાળી શકાય. ૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા. ૨૦૧૨માં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી. એટલે કે એક દાયકામાં સ્ટુડન્ટની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. કેનેડાએ ઈમિગ્રેશનના નિયમો હળવા કર્યા અને વર્ક પરમિટની સગવડ આપી ત્યાર પછી તો દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ આ દેશમાં આવી રહ્યા છે, જ્યાં તેમને ક્વોલિટી એજ્યુકેશનની સાથે સાથે રહેવાની પણ તક મળે છે. સિન ફ્રેઝર ગયા મહિના સુધી કેનેડાના ઈમિગ્રેશન મંત્રી હતા અને હવે તેઓ હાઉસિંગ મંત્રી બન્યા છે. તેથી તેમને આખી સમસ્યાની જાણકારી છે. તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવતા હોવાના કારણે મકાનોની અછત પેદા થઈ છે અને ભાડા એટલા બધા વધી ગયા છે કે મોટા ભાગના લોકોને પોસાય તેમ નથી. તેમણે કહ્યું કે હાઉસિંગની કટોકટી ઉકેલવા માટે વિદેશી સ્ટુડન્ટને આપવામાં આવતા વિઝા પર અંકુશ મુકી શકાય છે. જોકે, સરકારે હજુ આ વિશે નિર્ણય નથી લીધો. કેનેડાએ જે ઈમિગ્રેશન પ્રોગ્રામ લાગુ કર્યો છે તે ટેમ્પરરી હતો. તેને આટલા ટૂંકા ગાળામાં જોરદાર સફળતા મળશે અને મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવી પહોંચશે તેની સરકારે કલ્પના પણ નહોતી કરી. હવે જ્યારે સ્ટુડન્ટને મકાન મળવા પણ મુશ્કેલ છે ત્યારે સરકાર સામે એક ચેલેન્જ પેદા થઈ છે. કેનેડાની હાઉસિંગ કટોકટી હવે એક રાજકીય મુદ્દો પણ બની ગયો છે. વિરોધપક્ષના નેતાઓનો આરોપ છે કે કેનેડાની જસ્ટિન ટ્રૂડો સરકાર આ મુદ્દે સરખી રીતે કામ નથી કરતી. કેનેડામાં ૨૦૨૫માં ચૂંટણી યોજાવાની છે ત્યારે આ મુદ્દે સરકારને ઘેરવામાં આવે તેવી શક્યતા છે. કેનેડા ચાર કરોડની આસપાસ વસતી ધરાવતો દેશ છે જેમાં દર વર્ષે પર્મેનન્ટ રેસિડન્ટની સંખ્યા વધતી જાય છે. વર્ષ ૨૦૨૫માં લગભગ પાંચ લાખ જેટલા નવા પર્મેનન્ટ રેસિડન્ટને વસાવવા માટે કેનેડાએ પ્લાન બનાવ્યો છે. તેથી માત્ર સ્ટુડન્ટ વિઝા પર અંકુશ મુકવાથી હાઉસિંગની કટોકટી દૂર નહીં થાય તેવું સરકાર પણ સમજે છે. હાઉસિંગ ઉપરાંત અહીં જોબની કટોકટી પણ પેદા થઈ છે. અહીં વિદેશથી આવતા મોટા ભાગના વિદ્યાર્થીઓ ભણવાની સાથે સાથે ક્યાંક કામ કરવાની પણ યોજના ધરાવતા હોય છે

### ગદર-૨ની સફળતાએ સનીને સાંસદ તરીકેની નિષ્ફળતા યાદ અપાવી

## હવે કોઈ જ ચૂંટણી લડવાનો સની દેઓલનો સ્પષ્ટ ઈનકાર

### ગદર-૨ ૪૦૦ કરોડની ક્લબ તરફ આગળ વધી રહી છે ત્યારે અભિનેતાના આ નિવેદનથી ભાજપને આંચકો

મુંબઈ

ગદર ૨ ફિલ્મને અપાર સફળતા મળવાથી ખુશ અભિનેતા સની દેઓલે પોતાના રાજકીય સફર અંગે મોટુ નિવેદન આપ્યુ છે. તેમણે કહ્યુ કે હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી. અત્યારે લોકો ગદર ૨ ના ખૂબ વખાણ કરી રહ્યા છે.

ફિલ્મના હીરો સની દેઓલની એક્ટિંગની પણ ખૂબ પ્રશંસા થઈ રહી છે. આ દરમિયાન સની દેઓલે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં ચૂંટણી લડવાના પ્રશ્ન પર પ્રતિક્રિયા આપી છે, જે ખૂબ ચર્ચામાં છે. અભિનેતા સની દેઓલે કહ્યુ, અભિનેતા બની રહેવુ જ મારી ચૂંટણી છે. મને લાગે છે કે હું એક્ટર તરીકે દેશની સેવા કરુ, જે હું કરતો આવ્યો છું. હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી.

સની દેઓલે કહ્યુ, એક્ટિંગની દુનિયામાં મારુ જે મન કરે, તે હું કરી શકુ છુ પરંતુ રાજકારણમાં જો હું કેટલીક કમિટ કરી દઉં અને તેને પૂરી ન કરી શકુ તો મારાથી તે સહન નથી થતુ. હુ એવુ કરી શકતો નથી. સાંસદ તરીકે ગૃહમાં સની દેઓલની હાજરી માત્ર ૧૯ ટકા છે, તે અંગે ભાજપ સાંસદ સની દેઓલે કહ્યુ, જ્યારે હું સંસદ જાવ છુ તો જોઉં છુ કે ત્યાં દેશ ચલાવનાર લોકો બેઠા છે. તમામ પાર્ટીઓના નેતા બેઠા છે.

આ સિવાય તેમણે કહ્યુ કે જ્યારે હું એ જોઉં છુ તો લાગે છે કે હું એવો નથી. આનાથી શ્રેષ્ઠ તો એ છે કે હું ક્યાંક બીજે જતો રહુ. સાથે જ તેમણે એ પણ કહ્યુ કે હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતા નથી. આ અત્યારે સની દેઓલની ફિલ્મ ગદર ૨ કમાણીના મામલે ધૂમ મચાવી રહી છે. પઠાન બાદ હવે ગદર ૨ પણ ૫૦૦ કરોડના ટાર્ગેટને પાર કરવા માટે તૈયાર નજર આવી રહી છે. સની દેઓલની ગદર ૨ એ ૧૦ દિવસમાં એવી કમાલ કરી નાખી છે, જેની આશા પણ કોઈને નહોતી. ગદર ૨ એ ૮ દિવસમાં જ ૩૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો હતો.

## પાકિસ્તાનમાં કેબલ કારમાં છ વિદ્યાર્થી સહિત આઠ લોકો ફસાયા

### બચાવ કામગીરી માટે પાકિસ્તાન આર્મીનું હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યું હતું પરંતુ પવનના જોરદાર દબાણને કારણે બીજો કેબલ તૂટવાનો ભય હોઈ તેને પાછુ બોલાવવામાં આવ્યું

કરાંચી

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાંથી એક ઘટના સામે આવી રહી છે. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેબલ કારમાં અધવચ્ચે જ અટવાઈ ગયા છે. આ કેબલ કારમાં છ વિદ્યાર્થીઓ સહિત ૮ લોકો ફસાયા છે. મળતી માહિતી પ્રમાણે પખ્તૂનખ્વામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેબલ કારમાં અધવચ્ચે ફસાઈ જતાં તેમને બચાવવા માટે પાકિસ્તાન આર્મીનું હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યું હતું પરંતુ પવનના જોરદાર દબાણને કારણે બીજો કેબલ તૂટવાનો ભય છે. તેથી તેને પાછુ બોલાવવામાં આવ્યુ છે.

ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક દૂરના પર્વતીય ભાગમાં બાળકો શાળાએ જવા માટે ખીણ પાર કરવી પડે છે અને તે ખીણ પાર કરવા માટે બાળકો કેબલ કારનો ઉપયોગ કરે છે. બાળકો શાળાએ જઈ રહ્યાં હતા ત્યારે એક કેબલ તૂટી ગયો હતો. કેબલ કારમાં ફસાયેલા ગુલફરાઝે પાકિસ્તાનની ટેલિવિઝન ચેનલને ફોન પર કહ્યું કે, "ભગવાનની ખાતર અમારી મદદ કરો." કારમાં ૮ લોકો છે તે વાતની પુષ્ટિ પણ કરી.

કેબલ કારમાં ફસાયેલા એક વ્યક્તિએ પાકિસ્તાની ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, "અમે હવામાં ફસાયાને લગભગ પાંચ કલાક થઈ ગયા છે. હાલત એટલી ખરાબ છે કે, એક વ્યક્તિ બેહોશ થઈ ગયો છે. એક હેલિકોપ્ટર આવ્યું પણ કોઈ ઓપરેશન કર્યા વિના જ નીકળી ગયું." આ અકસ્માત સ્થાનિક સમય મુજબ સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ થયો હતો.

મળતી માહિતી પ્રમાણે કેબલ કાર જમીનથી લગભગ ૧,૦૦૦ થી ૧,૨૦૦ ફૂટ ઉપર અટકી ગયુ છે. આ ઘટનામાં SSG ઓપરેશનમાં લાગ્યુ છે.

*તંત્રીની કલમે.................*

# જનધન યોજના

જનધન બેંક ખાતાંની સંખ્યા માત્ર નવ વર્ષમાં પચાસ કરોડને પાર કરી ગઈ છે જે એક એવી ઉપલબ્ધિ છે જેનું દૃષ્ટાંત દુનિયામાં મળી શકે તેમ નથી. નાણાંકીય સમાવેશનની આ મહત્ત્વાકાંક્ષી યોજનાએ દેશના સામાન્ય લોકો, વિશેષ કરીને ગરીબ વર્ગને ન માત્ર આર્થિક રૂપે સબળ બનાવ્યો છે, બલ્કે તેને બચત કરવાની પ્રેરણા પણ આપી છે. આજ કારણ છે કે આ યોજનાની પ્રશંસા વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષે પણ કરી છે. આ યોજનાએ નાણાંકીય સમાવેશનમાં કેટલું ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે, તેનો અંદાજ એ તથ્યથી લગાવી શકાય છે કે જનધન ખાતાધારકોમાં ૫૬ ટકા મહિલાઓ છે અને ૬૭ ટકા ખાતાં ગ્રામીણ અને અર્ધશહેરી ક્ષેત્રોમાં ખોલવામાં આવ્યાં છે. તેમાં શંકા નહીં કે આ યોજનાએ માત્ર ગરીબોને આત્મનિર્ભરતાનો રસ્તો જ નથી દેખાડ્યો, પરંતુ સરકારી યોજનાઓમાં થનારા ભ્રષ્ટાચાર પર ઘણી હદે લગામ લગાવી છે. જોકે જનધન ખાતાં ડીબીટી એટલે કે પ્રત્યક્ષ રોકડ હસ્તાંતરણ સાથે જોડાયેલાં છે, તેથી સરકારની વિભિન્ન યોજનાઓના પૈસા કોઈ કટકી વિના સીધા જ જનધન ખાતા ધારકોના ખાતામાં પહોંચી જાય છે. પહેલાં આ પૈસા ભ્રષ્ટ તત્ત્વો વચ્ચેથી જ ખાઈ જતા હતા. એ ભૂલી ન શકાય કે એક સમયે વડાપ્રધાન રૂપે રાજીવ ગાંધીએ ખુદ સ્વીકાર્યું હતું કે જનકલ્યાણની યોજનાઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા મોકલાતા ૧ રૂપિયામાંથી માત્ર ૧૫ પૈસા જ લાભાર્થીઓ સુધી પહોંચે છે. આજે સ્થિતિ બિલકુલ અલગ છે.

જનધન ખાતાં અને તેમાં સીધી રોકડ હસ્તાંતરણે જનકલ્યાણની યોજનાઓમાં થતા ભ્રષ્ટાચાર પર અંકુશ લગાવી દીધો છે, બલ્કે એ પણ સુનિશ્ચિત કર્યું છે કે તેનો લાભ માત્ર પાત્ર વ્યક્તિઓને જ મળે. એવી યોજનાઓના ક્રિયાન્વયનમાં એ પારદર્શિતા અનિવાર્ય પણ છે. જ્યારે આ યોજના શરૂ કરવામાં આવી હતી તો વિપક્ષના અનેક નેતાઓ અને કેટલાક અર્થશાસ્ત્રીઓએ એમ કહીને મોદી સરકારની મજાક ઉડાવી હતી કે આખરે આ ખાતાંમાં પૈસા ક્યાંથી આવશે. સ્પષ્ટ છે કે તેઓ સંપૂર્ણપણે ખોટા સાબિત થયા. આ ખાતાંમાં માત્ર અનેક જનકલ્યાણકારી યોજનાઓનાં નાણાં જ સીધા રોકડ હસ્તાંતરણ તરીકે નથી પહોંચતા, પરંતુ જનધન ખાતાધારકો પોતાની કમાણીના પૈસા પણ હવે ખાતાંમાં જમા કરી રહ્યા છે. એક આંકડા અનુસાર જનધન ખાતાંમાં બે લાખ કરોડ રૂપિયાથી વધારેની રકમ અત્યાર સુધી જમા થઈ ગઈ છે.

# જીએસટી વિભાગના અધિકારીને ધમકાવતા ભાંડો ફૂટ્યો

અમદાવાદ

કર્મકાંડનો વ્યવસાય કરતા શખ્સને સીએમઓના અધિકારી બનીને રૌફ મારવો ભારે પડ્યો છે. જીએસટી વિભાગના અધિકારીને ફોન કરીને ધમકી આપતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે તપાસ કરી સાયબર ક્રાઈમે આરોપીને ઝડપી લીધો છે. અમદાવાદ સાયબર ક્રાઈમે લવકુશ દ્વિવેદી નામના શખ્સની ધરપકડ કરી છે. આરોપીના કાકા ઉંઝામાં પેઢી ધરાવી વેપાર ધંધો કરે છે.

જીએસટી વિભાગના અધિકારી દ્વારા આ પેઢી પર સ્થળ તપાસ કરી હતી અને પેઢીના કેસની તપાસના કામે નોટિસ આપી હતી. જીએસટીના અધિકારીએ તેના કાકાની વિરૂદ્ધમાં કોઈ કાર્યવાહી ના થાય તે માટે સીએમઓનો ઉચ્ચ અધિકારી હોવાની ઓળખ આપી જીએસટી વિભાગના અધિકારીને ધાક ધમકી આપી હતી. જીએસટીના અધિકારીને શંકા જતા તેમણે સમગ્ર ઘટનાની જાણ સાયબર ક્રાઈમને કરી ફરિયાદ દાખલ કરાવી હતી. સાયબર ક્રાઈમે તપાસ કરી આરોપીને ઝડપી લીધો છે. આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો છે અને વર્ષ ૨૦૧૭થી સાણંદના નિધરાડમાં રહે છે. તેનો મૂળ વ્યવસાય કર્મ કાંડનો છે અને ખાનગી સિક્યોરિટી પ્રોવાઈડર તરીકે પણ કામ કરે છે. આરોપીએ અનેક રાજકીય નેતાઓ સાથે ફોટા પડાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરીને તેનો લાભ ઉઠાવતો હતો અને વોટ્સએપ તેમજ ટ્રૂકોલર પર પોતે સીએમઓના ઓફિસર હોવાનો ઉલ્લેખ કર્યો હતો. હાલમાં સાઈબર ક્રાઈમે આરોપીની ધરપકડ કરી અન્ય કઈ કઈ જગ્યાએ આ હોદ્દાની ઓળખ આપીને રોફ જમાવ્યો છે અને કોઈ જગ્યાએ રૂપિયા પડાવીને છેતરપિંડી આચરી છે કે કેમ તે અંગે પણ તપાસ શરૂ કરી છે. આરોપીએ ગુજરાત સિવાય અન્ય કોઈ રાજયમાં આ હોદ્દાની ઓળખ આપીને રોફ જમાવી કામ કરાવ્યું છે કે કેમ તે અંગે પણ સાયબર ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# ડબલ એન્જીનની સરકાર માં ડબલ અન્યાય, અનામત છીનવી લીધી અને બજેટ ની ફાળવણી મા અન્યાય : અમિત ચાવડા



આજ રોજ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજાયેલ સ્વાભિમાન ધરણા જે બિન રાજકીય આયોજન ઓજસ - ઓબીસી જન અધિકાર સમિતિ દ્વારા યોજવામાં આવેલ. જેમાં ઓબીસી સમાજ ના તમામ સામાજિક અને ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા જેમાં મુખ્યત્વે આંદોલનનો પાયો નાખનાર શ્રી અમિતભાઈ ચાવડા,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, સેવાદળના ચેરમેન શ્રી લાલજીભાઈ દેસાઈ, સાથે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રી એ, તમામ નેતાગણ અને હજારો લોકો સમગ્ર ગુજરાતમાંથી હાજર રહ્યા હતા.

આજના સ્વાભિમાન ધરણામા શ્રી અમિતભાઈ ચાવડા એ જણાવ્યું હતું કે ગુજરાત માં ૮૨% વસ્તી ધરાવતા **OBC, ST, SC, Minority** સમાજને પોતાના હક અધિકાર માટે ધરણા કરવા પડે એ જ બતાવે છે કે ડબલ એન્જીન સરકારમાં ખુબ જ અન્યાય થઈ રહ્યો છે. અમે સરકારમાં બેઠેલા ઓ.બી.સી સમાજ ના નેતાઓને પણ આ ધરણામાં આવવાનું આમંત્રણ આપ્યું પણ કોઈ જ આવ્યા નહિ. સમાજ ની અવગણના કરી ને તેઓ તેમના પક્ષ ના આદેશ મુજબ હાજર રહ્યા નહિ. અમે સરકારના નેતા અને મંત્રીઓ ને કહેવા માંગીએ છીએ કે જે સમાજે તમને આ સ્થાન પર બેસાડ્યા છે, જે સમાજ ના લીધે તમે ચૂંટાયા છે એ સમાજને જ્યારે તમારી જરૂરિયાત હોય ત્યારે તમારે પણ સમાજ માટેની લડાઈમાં મંચ પર આવવું જોઈએ. ડબલ એન્જિન ની સરકાર માં ગુજરાતના ઓ.બી.સી સમાજ ના ગરીબોને ડબલ અન્યાય થઈ રહ્યો છે. એક તો રાજકીય રીતે અનામત નાબૂદ કરીને આ સમાજને ખતમ કરવાનુ કામ થઈ રહ્યુ છે અને બીજી બાજુ તેના માટે પુરતુ બજેટ નહી ફાળવીને સમાજને ડબલ અન્યાય કરવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનામત નાબૂદ કરીને આ અન્યાયી સરકાર એક સંદેશો આપવા માંગતી હતી. રાજકીય રીતે અનામત ખતમ કરીને અને પરીક્ષણ કરીને સરકાર જોવા માંગતી હતી કે આવનારા દિવસોમાં આ અનામત શિક્ષણ અને નોકરી માંથી ખતમ કરે તો પ્રતિક્રિયા કેવી આવે છે.

### હાઈકમાન્ડની દરમિયાનગીરીથી મામલો શાંત થયો

# જામનગરમાં ત્રણ મહિલા આગેવાનો વચ્ચે થયેલી બબાલ શાંત પડી

### ત્રણ ભાજપ મહિલા આગેવાનો વચ્ચે થયેલી બબાલમાં હાઈકમાન્ડની દરમિયાનગીરીથી મામલો શાંત થયો છે

જામનગર

જામનગરમાં **MLA** રિવાબા અને સાંસદ પૂનમબેન તેમજ મેયર બીનાબેન કોઠારી વચ્ચેની બોલાચાલીનો મામલો શાંત થયો છે. ત્રણ ભાજપ મહિલા આગેવાનો વચ્ચે થયેલી બબાલમાં હાઈકમાન્ડની દરમિયાનગીરીથી મામલો શાંત થયો છે. પાપ્ત માહિતી મુજબ ત્રણય મહિલા આગેવાનને પક્ષના હાઈકમાન્ડમાંથી ફોન કરી મૌન રહેવા સૂચના અપાઈ છે. **MLA** રિવાબા જાડેજા, સાંસદ પૂનમ માડમ અને મેયર બીનાબેન કોઠારી વચ્ચેની બબાલમાં હાઈકમાન્ડે દરમિયાનગીરી કરી શાંત પાડી છે. ત્રણેય આગેવાનોને ગાંધીનગર બોલાવીને સમજાવ્યા હોવાની વાત બહાર આવી છે.

જામનગરમાં રિવાબા-મેયર વચ્ચે તુતુમેમે મુદ્દે મેયર બીનાબેન કોઠારીની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, અમારો પરિવાર વર્ષોથી જનસંઘ સાથે જોડાયેલો છે, પારિવારીક પ્રશ્ન હતો જે પૂરો થઈ ગયો છેજામનગર શહેરમાં ’મારી માટી, મારો દેશ’ અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય રિવાબા જાડેજા ગુસ્સે ભરાયા હતા. ચાલુ કાર્યક્રમમાં જ **MLA** રિવાબા જાડેજા મેયર બીનાબેન કોઠારી પર લાલઘુમ થઈ ગયા હતા. જોકે, આ મામલામાં સાંસદ પૂનમ માડમે દરમિયાનગીરી કરતા રિવાબા જાડેજાએ સાંસદ પૂનમ માડમ પર પણ ગુસ્સો ઠાલવ્યો હતો. ધારાસભ્ય રિવાબાએ પૂનમ માડમને કહ્યું હતું કે, ’સળગાવવા વાળા તમે જ છો એટલે હવે ઠારવાનો પ્રયાસ ન કરો’. આ દરમિયાન શહેર ભાજપ પ્રમુખ વિમલ કગથરાએ ધારાસભ્ય રિવાબા જાડેજાને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો.

# રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત નિપજ્યું

રાજકોટ

રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત નિપજ્યું હતું. રીબડા ચોકડી પર બાપા સીતારામ લોજ પાસે ઘટનાં બની હતી.

જેમાં રસ્તા પર સુતેલી મહિલા પર કાર ચઢાવી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની સમગ્ર ઘટના **CCTV** માં કેદ થઈ હતી. ત્યારે પોલીસ દ્વારા મૃતક મહિલાનાં પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો

રાજકોટની વાત કરીએ તો કેવલ ગાણોલિયા નામના નબીરાએ પૂરપાટ ઝડપે કાર ચલાવી ૩ જેટલા બાઈક અને ૧ ફેરિયાને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ફેરિયાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો થયો છે. આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઓવર સ્પીડ કાર ચલાવતો હોવાના વીડિયો પોસ્ટ કર્યા છે. માધાપર ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના સામે આવી. રાજકોટમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે.

### રાજ્યમાં તાત્કાલિક જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવો

# સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસના 'OBC' સ્વાભિમાન ધરણા

## OBC સમાજને વસ્તી આધારિત બજેટની ફાળવણી, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સહિતની માગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે



ગાંધીનગર

લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમા OBC અનામતની માંગ સાથે આંદોલનનું મંડાણ થતું જોવા મળ્યું. કોંગ્રેસના નેજા હેઠળ OBC જન અધિકાર સમિતિ દ્વારા સ્વાભિમાન ધરણામાં મોટા પ્રમાણમાં લોકો જોડાયા. OBC સમાજને વસ્તી આધારિત બજેટની ફાળવણી, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સહિતની માગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં OBC અનામતનું નિકંદન અને રાજ્યના બજેટમા OBC સમાજને અન્યાયની લાગણી સાથે શરૂ થયેલ 'ઓબીસી અનામત બચાવો' આંદોલન ગાંધીનગરમાં ઘરણા સુધી પહોંચ્યું છે. સ્વાભિમાન ધરણામાં સમગ્ર રાજ્યમાંથી લોકો જોડાયા હતા. પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, અમિત ચાવડા, અર્જુન મોઢવાડીયા સહિતના ઓબીસી નેતાઓ જોડાયા હતા.. ઓબીસી અનામત બચાવોની માંગણી સાથે આંદોલન ઉભું કરનાર અમિત ચાવડાએ ગઈકાલે ભાજપના OBC નેતાઓ અલ્પેશ ઠાકોર, શંકર ચૌધરી, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી, કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ડૉ મહેન્દ્ર મુંજપુરા ને OBC સમાજના અધિકાર માટેના સ્વાભિમાન ધરણામાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું. જો કે ભાજપ સાથે સંકળાયેલ OBC નેતાઓએ તેનાથી કિનારો કર્યો છે.વિધાનસભા ચૂંટણીની જેમ કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં પણ OBC સમાજને સાથે લેવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં જાતિગત વસ્તીની વાત કરીએ તો OBC ૫૨ ટકા, ક્ષત્રિય અને સવર્ણ-૧૪ ટકા, પાટીદાર-૧૬ ટકા, દલિત-૭ ટકા, આદિવાસી-૧૧ ટકા, મુસ્લિમો ૯ ટકા છે. ભલે સરકાર વિકાસની વાતો કરે પરંતુ ચૂંટણી હંમેશા જ્ઞાતિ આધારિત સમીકરણને ધ્યાનમાં રાખીને જ લડાતી હોય છે. કોંગ્રેસ હંમેશા ક્ષ્ત્રિ, દલિત પાટીદાર, લઘુમતી સમુદાય પર દાવ રમે છે. કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ પણ KHAM થિયરી સાથે ૧૯૮૫માં ૧૪૯ બેઠકો જીતવાનો રેકોર્ડ હતો. જે આ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકો જીતીને તોડી બતાવ્યો છે. રાજ્યમાં હાલ ૫૨ ટકા મતદારો OBC સમાજમાંથી આવે છે. ગુજરાતમાં કોઈપણ પાર્ટીને સત્તાને સિંહાસન પર બેસાડવમાં OBC સમાજ કિંગમેકર રહ્યો છે ત્યારે જોવુ રહેશે કે કોંગ્રેસે લોકસભા પહેલા ખેલેલુ OBC કાર્ડ કેટલુ ફળે છે.

### સિંગતેલને લઈને રાહતના સમાચાર

# સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો

## જન્માષ્ટમી પર હજુ ભાવમાં ઘટાડો થઈ શકે છે અને સિંગતેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયાની અંદર પહોંચી શકે છે

રાજકોટ

જન્માષ્ટમીના પર્વ પહેલા સિંગતેલને લઈને રાહતના સમાચાર આવ્યા છે. સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો છે. સિંગતેલના ભાવ ૧૫ કિલોના ૩૦૦૦થી ૩૨૦૦ રૂપિયા જ્યારે ૧૫ લીટરના ૩૦૬૦થી ૩૧૦૦ રૂપિયા સુધી પહોંચ્યા છે. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીના તહેવારમાં લોકો મોટા પ્રમાણમાં ખાદ્યતેલનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે તહેવાર પહેલા જ સિંગતેલના ભાવમાં ઘટાડો થતા લોકોને રાહત મળી છે. વેપારીઓનું માનવું છે કે જન્માષ્ટમી પર હજુ ભાવમાં ઘટાડો થઈ શકે છે અને સિંગતેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયાની અંદર પહોંચી શકે છે. રાજકોટ સિંગતેલના વેપારી ભાવેશ પોપટના કહેવા પ્રમાણે સિંગતેલમાં હાલમાં ઓછી ડિમાન્ડ છે. આ ઉપરાંત વરસાદી વાતાવરણથી ઉઘાડ નીકળતા માર્કેટીંગ યાર્ડમાં નવી મગફળીની આવક થઈ છે. જ્યારે સંગ્રહકર્તાઓ દ્વારા પણ મગફળી વેચાણ માટે બજારમાં આવતા સિંગતેલના ભાવમાં ઘટાડો થયો છે. વેપારીઓનું માનવું છે કે હાલમાં ઘરાકી ન હોવાને કારણે સિંગતેલના ભાવમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે. સિંગતેલની સાથે અન્ય ખાદ્યતેલોના ભાવ પણ ઓછા છે. હાલમાં પામોલિન તેલ, સોયાબિન તેલ, કપાસિયા તેલ ૧૪૦૦થી લઈને ૧૬૦૦ રૂપિયે ડબ્બો મળી રહ્યો છે.આ તરફ સિંગદાણાના વેપારીઓ પણ માની રહ્યા છે કે આ વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીનું ૨૬થી ૨૭ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થઈ શકે છે. તાજેતરમાં રાજકોટમાં ભારતભરના સિંગદાણાના વેપારીઓ અને બ્રોકરોની એક કોન્ફરન્સ મળી હતી. જેમાં આ અંદાજ લગાડવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રના સિંગદાણાની વિશ્વભરમાં ડિમાન્ડ હોય છે. જો કે, સારા અને સમયસર વરસાદને કારણે મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થઈ શકે છે. તેથી આગામી દિવસોમાં સિંગતેલના ભાવ ૨૦૦થી ૩૦૦ રૂપિયા ઘટી શકે છે. સિંગતેલના ભાવ ફરી ૨૫૦૦થી ૨૭૦૦ની સપાટીએ આવી શકે છે.

### સોશ્યલ મીડિયા પર મિત્રતા કરવી ભારે પડી

# ગોંડલમાં યુવતી પર ચાલુ બસે દુષ્કર્મ આચરાયું

રાજકોટ

રાજકોટમાં ગોંડલના વોરાકોટડા રોડ પર પંચપીરની ધાર વિસ્તારમાં રહેતી યુવતીને લગ્નની લાલચ આપી ભગાડી જઈ ચાલુ બસે દુષ્કર્મ આચરનાર આરોપીને પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી અને ભોગબનનાર યુવતી વચ્ચે ઈન્સ્ટાગ્રામ દ્વારા સંપર્ક થયા હતો બાદમાં મોબાઈલ નંબર આપી મિત્રતા કેળવાઈ હતી.

આરોપી સાગર કુકડીયાએ ગત તારીખ ૧૩મીના રોજ યુવતીને લગ્નની લાલચ ભગાડી ગયો હતો. સુરત મારા સબંધી રહે છે તે લગ્ન કરાવવાની વ્યવસ્થા કરી આપશે તેવી લાલચ આપી આરોપી યુવતીને ભગાડી ગયો હતો. આરોપી રાજકોટ પહોંચી ખાનગી લકઝરી બસમાં બન્ને સુરત જવા નિકળ્યા હતા. રસ્તામા ચાલુ બસે યુવતિની ઈચ્છા વિરુદ્ધ આરોપીએ દુષ્કર્મ ગુજાર્યુ હતુ. સુરત પહોંચી જે સબંધીને મળવાનું હતુ તેનો સંપર્ક ન થતા આરોપી યુવતીને ચોટીલા લઈ ગયો હતો.

ચોટીલામાં આરોપીના મિત્રએ કોલ ન ઉપાડતા અને ગોંડલથી આરોપીના ભાઈનો પરત ફરવા માટેનો કોલ આવતા બન્ને ગોંડલ પરત આવ્યા હતા.

આ દરમિયાન આરોપી સાગરના ઘરે તેની માતાએ યુવતીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી હતી અને આ લગ્ન શક્ય નથી તેવુ જણાવતાં યુવતિને આ બનાવ અંગે પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે આરોપીને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઓવરબ્રિજના વિરોધમાં મહેસાણાના પાંચોટના ગ્રામજનોએ બાંયો ચડાવી

મહેસાણા : ગાંધીનગરથી પાટણને જોડતો નવીન ઓવરબ્રિજ મહેસાણા જીલ્લાનાં પાંચોટ પાસેથી પસાર થઈ રહ્યો છે. જે ઓવરબ્રિજને પીલ્લરની જગ્યાએ બ્લોક ઉપર બનાવવામાં આવી રહ્યો છે. જેને લઈને પાંચોટ ગામનાં ગ્રામજનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તેમજ ઓવરબ્રિજને બ્લોકની જગ્યાએ પીલ્લર પર બનાવવાની શરૂઆત કરતા પાંચોટ ગામનાં ગ્રામજનોએ વિરોધ કર્યો હતો. ત્યારે મહેસાણા શહેરનું દ્વાર ગણાતા પાંચોટ ડી માર્ટ સર્કલ પર બ્રિજ પીલ્લરની જગ્યાએ બ્લોક પર બનવાથી ખેડૂતોને અવર જવર કરવામાં મુશ્કેલી પડી શકે છે. જો ઓવરબ્રિજ પીલ્લર પર બનાવવામાં આવે તો બ્રિજની નીચે ખુલ્લી જગ્યામાં લોકો પાર્કિંગ કરી શકશે, ખેડૂતોને વાહન લઈ અવર જવર માટે ખુલ્લી જગ્યા તેમજ પોલીસ ચોકી બનાવવાની પણ જગ્યા મળી શકે છે. પરંતુ નવીન બ્રિજ બનાવતી વાવડ કન્સ્ટ્રક્શન કંપનીએ પાંચોટ સર્કલ ઉપરનો બ્રિજ પીલ્લર ઉપર નહી બનાવવાના નિર્ણય સામે પાંચોટ ગામના ખેડૂતો અને ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. આથી પાંચોટ વિસ્તારના તમામ રહીશોએ બ્રિજની ડિઝાઈન બદલવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો છે અને આગામી સમયમાં ભૂખ હડતાળ ઉપર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે. પાંચોટ ગામનાં સરપંચ લલિતભાઈએ ફલાય ઓવર પીલ્લર પર બનાવવા બાબતે જણાવ્યું હતું કે, મહેસાણાનાં હાર્દસમા એવા ડી માર્ટ પાસે હાલમાં નેશનલ હાઈવે ઓર્થોરીટી દ્વારા પાટણથી ગોઝારીયા જે ચાર માર્ગીય રોડ બનાવવામાં આવી રહ્યો છે. તે રોડથી ૫૦૦ મીટર દૂર પાંચોટ ગામનું નેળીયું આવેલું છે. જેની આજુબાજુ ખેડૂતોની ૬૦૦ થી ૭૦૦ વીઘા જમીન આવેલી છે. તેમજ ખેડૂતો ત્યાંથી અવર જવર પણ કરે છે. તે નેળીયામાંથી ઉંટલારીમાં ચાર લઈ જવી હોય તો પણ એનો રસ્તો પણ રહેતો નથી. જે બાબતે સરકારમાં, સાંસદ સભ્યને, ધારાસભ્ય તેમજ દિલ્હી ખાતે નીતીન ગડકરીને પણ આ બાબતે રજૂઆત કરી છે.

# અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો

અમદાવાદ : દર વર્ષે ચોમાસાની સીઝન દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકતો હોય છે. ત્યારે હાલ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક શહેરોમાં રોગચાળાએ બરોબરનો ભરડો લીધો છે. જેને લઈને ઘરે ઘરે માંદગીના ખાટલા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારે વરસાદ બાદ ભરાયેલા પાણીને લઈને મચ્છરનો ઉપદ્રવ વધતાં મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. બીજી બાજુ ચોમાસાની ઋતુને લઈને પાણીજન્ય રોગચાળાએ પણ હાલ અમદાવાદમાં કાળો કહેર વર્તાવ્યો છે. અમદાવાદમાં ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય કેસમાં વધારો નોંધાયો છે. ચાલુ મહિના ઓગસ્ટની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ નોંધાયા જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં ચિકનગુનિયાના ૯ કેસ નોંધાયા.

### ઓનલાઈન ફ્રોડનો ચોંકાવનારો કિસ્સો

# ૨૦ વર્ષના હેકરે યુટ્યુબ પરથી હેકિંગ શીખી વેપારીને ચુનો લગાવ્યો

## ઓનલાઇન સિસ્ટમ થકી અથવા તો ઓટીપી કે લિંક થકી આવા સાયબર ગઠિયાઓ લોકોને પોતાનો શિકાર બનાવતા હોય છે




અમદાવાદ

આમ તો સાયબર ગઠિયાઓ અલગ અલગ માધ્યમોથી લોકોના પૈસા લૂંટતા હોય છે. ઓનલાઇન સિસ્ટમ થકી અથવા તો ઓટીપી કે લિંક થકી આવા સાયબર ગઠિયાઓ લોકોને પોતાનો શિકાર બનાવતા હોય છે. આવો જ એક ઓનલાઈન ફ્રોડનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમા ભેજાબાજ હેકરની વાતો સાંભળી બે ઘડી માટે તો સાઈબર ક્રાઈમના અધિકારીઓ પણ ચકરી ખાઈ ગયા હતા.

અમદાવાદના એક વેપારી જે ઓનલાઇન હોટેલ બુકિંગ, એર ટિકિટ બુકિંગ, બસ બુકિંગ, મોબાઈલ રિચાર્જ, બિલ પેમેન્ટ, ગિફ્ટ વાઉચર જેવી પ્રવૃત્તિઓ વેબસાઇટ અને એપ્લિકેશન મારફતે ધંધો કરે છે.

જેની વેબસાઈટ અને એપ્લિકેશનમાં કોઈ હેકરે હેકિંગ કરી તેમાં બ્રિજ કરી જુદી જુદી એર ટિકિટનું બુકિંગ કરી ટિકિટ બુકિંગની આ વેબસાઈટ સંચાલકને જે રકમ મળવી જોઈએ તેના બદલે ફક્ત એક થી બે રૂપિયા જેટલી જ રકમ મળતી હતી. જેને લઈને વેપારીને શંકા જતા તપાસ કરવામાં આવી અને સમગ્ર કૌભાંડ સામે આવ્યું. જે રીતે આ વેબસાઈટ સંચાલકને સાત લાખથી વધુની નુકસાન થયું હતું અને તેની સાથે છેતરપિંડી થઈ હતી તેની ફરિયાદ વેબસાઈટ સંચાલકે સાઈબર ક્રાઈમમાં નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ૨૦ વર્ષના હરિયાણાનાં અમર નાયકની ધરપકડ કરી છે.

આરોપી અમર દ્વારા અલગ અલગ ડિવાઇસ અને સોફ્ટવેર ટુલ્સનો ઉપયોગ કરી સામેની વ્યક્તિ સાથે ઓનલાઇન છેતરપિંડી કરતો હતો. સૌપ્રથમ તો જે કોઈ વેબસાઈટની પેમેન્ટ ફેસીલીટી અને અન્ય સિક્યુરિટી નબળી હોય તેવી વેબસાઈટ શોધતો હતો અને તે વેબસાઈટમાં હેકિંગ સોફ્ટવેર અને ટુલ્સનો ઉપયોગ કરી તેમાં બગ્સ ફિક્સ કરી દેતો હતો. જે બાદ તે વેબસાઈટમાં બ્રિજ કરી તેમાંથી હોટેલ બુકિંગ, એર ટિકિટ બુકિંગ, ઓનલાઇન શોપિંગ જેવી પ્રવૃત્તિઓ કરતો અને જેના બદલામાં વેબસાઈટના સંચાલકના ખાતામાંથી જે તે વેન્ડરને પૂરા પેમેન્ટની ચુકવણી થતી હતી અને વેબસાઈટ સંચાલકને જે રકમ મળવી જોઈએ તેની જગ્યાએ ફક્ત એક થી બે રૂપિયા જેવી મામૂલી રકમ મળે તેવું પોતે આ સિસ્ટમમાં હેક કરી અને સેટિંગ કરતો હતો.

પકડાયેલા આરોપી અમર નાયક માત્ર ધોરણ ૧૨ સુધીનું અભ્યાસ કર્યો છે. પોતાના મોજશોખ પૂરા કરવા માટે youtube પર હેકર્સ બનવા માટે ઓનલાઈન વીડિયો જોવાનું શરૂ કર્યું અને થોડાક સમયમાં તેને હેકર્સની માસ્ટરી પણ મેળવી લીધી. છેલ્લા દોઢ વર્ષથી છેતરપિંડી આચરતા આ આરોપીને પોતાની સાથે જ એક કડવો અનુભવ થયો હતો. જેમાં તેને આ જ પ્રકારે દિલ્હીમાં એક હોટલ બુકિંગ કરાવી હતી અને હોટલમાં રહેવા જતા હોટલ માલિકે બુકિંગ ખોટું હોવાથી હોટલમાં રહેવા માટે ઈનકાર કર્યો હતો. કોઈ રહેવાની જગ્યા ન મળતા આરોપીને એક રાત દિલ્હીના ફૂટપાથ ઉપર ઊંઘવાનો વારો આવ્યો હતો. રાત્રિના સમય ફૂટપાથ ઉપર સૂતો હતો તે દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ તેના મોબાઈલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આરોપીનો મોબાઇલ ચોરી જતા તેનો ધંધો બંધ થઈ ગયો હતો. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આરોપી સામે હરિયાણામાં છેડતી અને છેતરપિંડીનાં ગુના પણ નોંધાયા છે.

હાલ તો સાયબર ક્રાઈમ પોલીસે આરોપી અમર નાયકને પકડી કાયદેસરની કાર્યવાહી કરી છે. જોકે હવે પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આરોપી દ્વારા હેકિંગ કરીને એર ટિકિટ બુકિંગ, હોટલ બુકિંગના નાણા અન્ય કેટલી જગ્યાએથી મેળવ્યા છે તેમજ આરોપી અમર આજ સુધી કેટલી વેબસાઈટ હેક કરી છે અને સમગ્ર કૌભાંડમાં તેમની સાથે અન્ય કોઈ સંડોવાયેલ છે કે કેમ તે અંગે પણ હવે સાયબર ક્રાઈમે આગળની તપાસ હાથ ધરી.

### એસટી તંત્ર અને નિર્માણ એજન્સી હરકતમાં આવી

# રાજકોટના કરોડોનો આધુનિક બસ પોર્ટ અસમાજીક તત્વોનો અડ્ડો બની ગયો

## બસ પોર્ટના સૌથી ઉપરના મજલે જવાના રસ્તાઓ-સીડીઓ પર આડશ પતરાની લગાડવામાં આવ્યા છે

રાજકોટ

રાજકોટ ના કરોડોનો આધુનિક બસ પોર્ટ અસમાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. આ અંગેનો વિસ્તૃત અહેવાલ મીડિયામાં આવ્યા બાદ બસ પોર્ટ એજન્સી દ્વારા હવે નિર્માણાધીન જે વિસ્તારને બતાવવામાં આવી રહ્યો છે. તે વિસ્તારના રસ્તાઓને પતરાની આડશો લગાવીને બંધ કરી દેવામાં આવી છે. આમ હવે નિર્માણ વિસ્તાર હવે ખંડેરમાં બદલાશે એવી સંભાવનાઓ વધી ગઈ છે.

જ્યાં અસામાજીક તત્વોનો અડ્ડો દારુ પાર્ટીઓ કરી રહ્યો હતો એ જગ્યાએ મલ્ટીપ્લેક્ષ થિયેટર નિર્માણ કરવાનુ હતુ.

જેના બદલે તે ખંડેર જેવી સ્થિતિમાં પડી રહ્યુ છે. જેનો ઉપયોગ દારુડીયા લોકો દારુ પિવા અને પાર્ટી કરવાના સ્થળ તરીકે ઉપયોગ કરી રહ્યા હતા.

આ અંગેનો અહેવાલ મીડિયામાં પ્રસિદ્ધ થતા જ હવે એસટી તંત્ર અને નિર્માણ એજન્સી હરકતમાં આવી છે. બસ પોર્ટના સૌથી ઉપરના મજલે જવાના રસ્તાઓ-સીડીઓ પર આડશ પતરાની લગાડવામાં આવ્યા છે. આમ હવે દારુ પિનારાઓ ઉપરના માળે નહી જઈ શકે એમ માની લઈ હાશકારો લીધો હોય એમ લાગે છે. બીજી તરફ સીસીટીવી અહીં લાગેલા હોવાનો ભીંત પર લખાણ છે, તો એજન્સી કે એસટી વિભાગ દ્વારા ફૂટેજ આધારે કેમ પોલીસ કાર્યવાહી કરવામાં આવી નથી તેવા પણ સવાલો થઈ રહ્યા છે. લાગતા વળગતા હોવાને લઈ આ પોલીસ કાર્યવાહી કરાતી નથી એવા પણ સવાલ એસટી અને એજન્સી સામે થઈ રહ્યા છે.

### મેગા ડિમોલિશનની કામગીરી

# રાજુલામાં મેગા ડિમોલિશન ૩૫૦થી વધુ દબાણો તોડી પડાયા

અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં આજે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજુલા શહેરના ભેરાઈ રોડ, ડુંગર રોડ, છતડીયા રોડ, મહુવા રોડ અને જાફરાબાદ રોડ વિસ્તારમાં મોટા પ્રમાણમાં દબાણો તોડી પડાયા છે. ૩૫૦થી વધુ દબાણોને તોડી પાડવા માટે અગાઉ જ નોટિસ આપવામાં આવી હતી. મોટાભાગના દબાણો તો સ્વૈચ્છિક રીતે જ દૂર કરાયા હતા. બાકીના દબાણોને આજે તોડી પડાયા છે. ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ અને અધિકારીઓની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

દબાણો તોડી પડાયા બાદ ફરી જો કોઈ દબાણ કરશે તો તેને ૧૦ હજાર રુપિયાનો દંડ અને લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાશે.

# ખંભાળિયા પંથકમાંથી નશાયુક્ત સીરપ ઝડપાયુ

દ્વારકા

પંજાબમાં આયુર્વેદિક દવાના નામે નશો ગુજરાત મોકલાતો હતો. ખંભાળિયામાંથી ચિરાગ થોભાણી, અક્રમ બનવાની ધરપકડ કરાઈ છે જ્યારે પંજાબથી પંકજ ખોસલા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકાના એસ પી નીતિશ પાંડેયએ જણાવ્યું કે, ખંભાળિયા પોલીસ ટીમ દ્વારા ભાનવડી વિસ્તારમાંથી એક ગોડાઉનમાંથી આયુર્વેદિક પીણો લગભગ સાડા પંદર હજાર બોટલ કબજે કરી હતી. જેની માર્કેટ વેલ્યું આશરે ૨૬ લાખ જેટલી છે, જે તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી પાસે જે કાયદેસરની પરવાનગી હોવી જોઈએ તે હતી નહી, તેમજ ખોટા દસ્તાવેજોના આધારે વેચાણ ચાલતો હતો. જેને લઈ ૧૦ ઓક્ટોમ્બરે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.દેવભૂમિ દ્વારકાના એસ પીએ કહ્યું કે, જે ગુનામાં બે આરોપીઓ ચિરાગ થોભાણી, અક્રમની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ પંજાબના સંગુર જિલ્લામાંથી પંકજ ખોસલાની પણ અટકાયત કરવામાં આવી હતી. જેની દ્વારકામાં પેઢી પણ છે તેમજ આયુર્વેદની ફેક્ટરી પણ છે. જેમાં ઉંડાણ પૂર્વક તપાસ કરવામાં આવી છે તેમજ અહીની ફેક્ટરીમાં રેડ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું હતું કે, પરવાનગીને ખોટી રીતે ઉપયોગ કરી આયુર્વેદિક પીણાના નામે છેતરપિંડી કરતા હતા અને આલ્કોહોલ પીણા બનાવતા હતા. જે ફક્ત ગુજરાતને ટાર્ગેટ કરી સ્થાનિક ડિસ્ટ્રીબ્યુટરને મોકલતા હતા.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya